રે.દિ.મુ નં. ૬૬/ ૨૦૧૪

**<u>આંક:૮૮ નીચે હુકમ:-</u>**

સાંભળ્યા,

અરજી વંચાણે લીધી.તથા હાલના આ કામે પ્રતિવાદી નં.-૧ થી ૯ તરફે ધારદાર રજુઆત છે કે, હાલના આ કામે આંક-૮૦ થી વચગાળાના મનાઈ હુકમ માટે અરજી આપવામાં આવેલ છે. જે ટેનેબલ નથી.તેને સી.પી.સી. કલમ-૧૧ નો બાદ આવે છે. અને આવા વચ્ચગાળાના મનાઈ હુકમની અરજી જે આ કામે આંક-૫ છે જે અદાલતે નિર્ણય કરેલ હોય તો ફરીવાર વચ્ચગાળાના મનાઈ હુકમની અરજી દાખલ કરી શકે નહી. જેથી આ અરજી મંજુર કરીને એવુ ઠરાવી આપો કે હાલના આ કામમાં આંક-૮૦ થી જે અરજી રજુ થયેલ છે તેને રેસ-જયુડીકેટાનો બાદ આવે છે અને આંક-૮૦ ની અરજી રીજેકટ કરવા ધારદાર રજુઆત કરેલ છે.

વધુમાં આ કામના અન્ય પ્રતિવાદીના વિ.વ.શ્રી ડી.બી.જૈનની રજુઆત છે.કે આંક-૫ નીચે જે હુકમ થયેલ છે. જેમાં એવુ જણાવેલ છે. કે આંક-૫ ની અરજી વાદીને ચલાવવામાં રસ નથી. આથી ગુણદોષમાં ઉર્તયા વગર આંક-૫ રદ કરવામાં આવે છે. તેવુ જે તે સમયે નામદાર અદાલતે હુકમ કરેલો હોય આંક-૮૦ની અરજી રદ થવા પાત્ર હોય રદ કરવા વિનંતી કરેલ છે.

વાદી તરફે ધારદાર રજુઆત છે. કે જે તે સમયે આંક-૫ની અરજી મેરીટ ઉપર નકકી કરવામાં આવેલ નથી અને માત્ર તે અરજી ગુણદોષમાં ઉર્તયા વગર રદ કરેલ છે.તેથી કલમ-૧૧ નો બાદ આવી શકે નહી. જેથી આ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

બન્ને પક્ષે ધારદાર રજુઆત સાંભળી આંક-૫ નીચે થયેલ હુકમ લક્ષમાં લેતા તે હુકમ મેરીટ ઉપર હુકમ થયેલ નથી. જેથી રેસ-જયુડીકેટા નો બાદ આંક-૮૦ ની અરજીને લાગુ પડે નહી. વધુમાં આ કામના વાદી જે તે સમયે આંક-૫ ની અરજીના સંદર્ભ સતત બે દરકાર રહયા છે.જેની પણ નોંધ લેવી જરૂરી છે. આમ તમામ સંજોગો ઘ્યાને લઈ ન્યાયનાવિશાળહિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**-:હુકમ:-**

(૧) હાલની આ અરજી નામંજુર કરુ છુ.અને વધુમાં ફરમાવુ છુ કે, આ કામના વાદીએ દર મુદતે હાજર રહી તેઓની આંક-૮૦ની અરજી ઝડપી ચલાવી લેવી. વધુમાં ફરમાવુ છુ

કે, પ્રતિવાદી નં. ૧ થી ૯ એ ડી.એલ.એસ.એ. માં સ્પે.કોસ્ટ પેટે રૂા.૧૦૦૦/- (અંકે એક હજાર પુરા) જમા કરાવવા.

આ હુકમ આજ રોજ **તા. ૨૪/૦૬/૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૨૪/૦૬/૨૦૧૯**

**(મનોજ શંભુપ્રસાદ દવે)**
**મુખ્ય સીનીયર સીવીલ જજ,**
**પાટણ.**
**કોડ નં-જી.જે.૦૦૭૬૦**